આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૪૨
સૂર્યાસ્ત : ૦૬.૫૪

તાપમાન

મહત્તમ : ૩૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૬ ટકા ● સાંજે ૩૨ ટકા

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧ : હાઉસ ફૂલ ૨ :૧૨.૩૦,૩.૩૦,૬.૩૦,૯.૩૦
સ્ક્રીન-૨ : હાઉસ ફૂલ ૨ :૧૦.૦૦,૧.૩૦, ૪.૩૦, ૭.૩૦,૧૦.૩૦
સ્ક્રીન-૩ : હાઉસ ફૂલ ૨ :૧૧.૧૫,૨.૩૦,૧૦.૩૦
એજન્ટ વિનોદ : ૫.૩૦
બ્લડ મની : ૮.૩૦
સ્ક્રીન-૪ : હાઉસ ફૂલ ૨ : ૧૦.૦૦, ૧૦.૩૦
બ્લડ મની : ૧૨.૧૫, ૫.૧૫
એજન્ટ વિનોદ : ૨.૧૫, ૭.૩૦

સિને મેક્સ

સ્ક્રીન-૧ : ટાઈટેનીક ૩-ડી(હિન્દી) :૮.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯. ૩૦
વર્થ ઓફ ધ ટાઈટન્સ- ૩ડી(હિન્દી) : ૧૨.૦૦
સ્ક્રીન-૨ : હાઉસ ફૂલ ૨: ૯.૧૫, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
સ્ક્રીન-૩ : હાઉસ ફૂલ ૨ : ૮.૧૫, ૧૧.૧૫, ૫.૪૫, ૯.૦૦
કહાની : ૨.૩૦
સ્ક્રીન-૪ : હાઉસ ફૂલ ૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૫, ૭.૩૦
કહાની : ૧૦.૩૦

સૂર્યા, વાવોલ

હાઉસ ફુલ ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મમી સિંદબાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- બપોરે ૧.૦૦ કલાકે લોક અધિકાર સેના દ્વારા સામાજિક કાર્યક્રમ

ટાઉન હોલ

- વિશ્વ આરોગ્ય દિનની ઉજવણી નિમિત્તે જિલ્લા આરોગ્ય કેન્દ્ર દ્વારા બપોરે ૧ કલાકે 'વધતી ઉમર અને આરોગ્ય' વ્યાખ્યાન યોજાશે.

ધાર્મિક

- શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સમાહ કથાકાર શ્રી દેવેન્દ્રભાઈ ત્રિવેદીના વ્યાસપીઠ પરથી આજથી ૧૪મી એપ્રિલ સુધી શ્રીમતી નીલાબેન અને રાજેશભાઈ, ગજાનનભાઈ ત્રિવેદી દ્વારા ભક્તિધામ, પ્લોટનં. ૮૧૬/૧, સેકટર- ૫/સી માં સાંજે ૪.૦૦ કલાકે પોથીયાત્રાની શોભાયાત્રા બાદ કથાનો આરંભ થશે.
- સેકટર- ૬/એ માં આવેલ અંબાજી માતાના મંદિરના પટાંગણ ચાલતી રામપારાયણ જ્ઞાનયજ્ઞમાં આજ રાત્રે ૮.૩૦ કલાકે સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.

આપની આજ

- કિશોર ત્રિવેદી

મેષ : ભૌતિક સુખ સુવિધામાં વધારો થઈ શકે છે. નોકરી- વેપાર ક્ષેત્રે સમય પ્રગતિદાયક બની રહે. દિવસ આનંદમય રીતે પસાર થાય.

વૃષભ : સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવતો જણાય. નાણાંકીય સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થઈ શકે છે.

મિથુન : લગ્નોત્સુકોને યોગ્ય જીવનસાથીની પસંદગી થઈ શકે છે. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારીઓનું યોગ્ય માર્ગદર્શન મળી રહે. ચિંતામાં ઘટાડો થઈ શકે છે.

કર્ક : આરોગ્યમાં સુખાકારી જળવાઈ રહે. યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. રોકાયેલા નાણાં તથા કાર્યો પૂર્ણ થઈ શકે છે. વિદેશથી શુભ સમાચાર આવી શકે છે. સમય શુભ.

સિંહ : રાજકીય પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. કોર્ટ- કચેરીના પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. સ્થાવર મિલકતના પ્રશ્નોનો ઉકેલ મેળવી શકાય છે. સમય મધ્યમ.

કન્યા : રોજગારીની નવી તકો મળી રહે. કાર્યક્ષેત્રે સમય પ્રગતિદાયક બની રહે. સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ મેળવી શકાય. વિદેશ પ્રવાસની શક્યતાઓ પ્રબળ બને.

તુલા : સ્થાવર મિલકતની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. વેપાર ક્ષેત્રે ભાગીદારીનાં કાળજી રાખવી. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે.

વૃશ્ચિક : ભૌતિક સુખ- સુવિધામાં વધારો જણાય. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. આકસ્મિક ધન - લાભ થઈ શકે છે.

ધન : લગ્નજીવન સુખમય બની રહે. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. સમય શુભ.

મકર : રમત- ગમત ક્ષેત્રે સફળતા મળી શકે છે. આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. રોજગારીની નવી તકો મળી શકે છે. આકસ્મિત ધન- લાભ થઈ શકે છે.

કુંભ : જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. લગ્નોત્સુકોને યોગ્ય જીવન સાથીની પસંદગી થઈ શકે છે. ભાગ્યોદયનો દરેક ક્ષેત્રેમાં સહકાર મળી રહે.

મીન : કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યું બની રહે. આરોગ્યમાં સુખાકારી જળવાઈ રહે. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારીઓનું માર્ગદર્શન અને પ્રગતિમાં સહકાર મળી રહે. સમય શુભ.

ચિરવિદાય

- સ્વ. લક્ષ્મીબેન કરસનભાઈ રંખાણી (ઉ.વ. ૯૨) સી-૩૧, ગ્રીનસીટી, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. દિલીપભાઈ ઠાકોરલાલ મહેતા (ઉ.વ. ૫૩) પ્લોટ નં. ૨૭/૧, સેકટર-૩/એ, ગાંધીનગર

બ્રહ્મભટ્ટ સમાજના આગેવાન દિલીપ મહેતાનું અવસાન

ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજના આગેવાન અને નિવૃત્ત નાયબ સેક્શન અધિકારી દિલીપભાઈ ટી. મહેતાનું અવસાન થયું છે. થોડા સમયની બિમારીના અંતે તેમનું અવસાન થતા બ્રહ્મભટ્ટ સમાજમાં શોકની લાગણી પ્રવર્તી છે. સ્વર્ગસ્થનું બેસણું તા. ૮ એપ્રિલ રવિવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન પ્લોટ નં. ૨૭/૧ સે-૩-એ ખાતે રાખવામાં આવ્યું છે.

ડભોડા ખાતે હનુમાન જન્મજયંતિ નિમિત્તે લાખો શ્રદ્ધાળુઓનો માનવ મહેરામણ ઉમટ્યો

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં આવેલું સુપ્રસિદ્ધ શ્રી ડભોડિયા હનુમાનજી ખાતે હનુમાન જન્મોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વહેલી સવારે ૫.૦૦ વાગે આરતીનો લ્હાવો લેવા ભક્તજનો ઉમટી પડ્યા હતા. જેમાં પગપાળા ચાલતા આવતા સંઘો જોડાયા હતા. મંદિરના દ્વાર ખુલવાની રાહ જોતાં હજારો ભક્તજનોની લાંબી કતાર થવા પામી હતી. આ પ્રસંગે નિયત કાર્યક્રમ મુજબ મંદિર ખાતે માતૃતિયજ્ઞ અને તેલના અભિષેકથી કાર્યક્રમનો શુભારંભ થયો હતો. ત્યારબાદ અમદાવાદના સુપ્રસિદ્ધ જગન્નાથજી મંદિરના પ.પૂ. મહંતશ્રી દિલીપદાસજી મહારાજનું ટ્રસ્ટીમંડળ દ્વારા શાલ ઓઢાડી ફૂલહારથી ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. તેમના હસ્તે નવનિર્મિત સુખડી ઘર તથા સુખડી બનાવવાનું અદ્યતન મશીન ખુલ્લું મુકવામાં આવ્યું હતું. ત્યારબાદ મંદિરથી હાથી, ભજનમંડળી, બેન્ડવાજા સાથે ભવ્ય શોભાયાત્રા ગામના મુખ્ય માર્ગો પર મોટી સંખ્યામાં ભક્તજનો સાથે નીકળી હતી. ત્યારે બપોરે નીજમંદિરે પરત ફરી હતી. આ પ્રસંગે મંદિર શીખર ઉપર ધજા ચઢાવવામાં આવી હતી. જ્યારે બપોરે બારના ટકોરે મહાઆરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે મંદિરના ટ્રસ્ટીમંડળ દ્વારા યાત્રાળુઓને કોઈ મુશ્કેલી ન પડે અને સહેલાઈથી દર્શનનો લાભ લીશકે તેવી ખાસ સુવિધા અર્થે સ્વયં સેવકો તથા પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા કરવામાં આવી હતી. મંદિરથી થોડે દૂર એક વિશાળ મંડપમાં મહાપ્રસાદની વ્યવસ્થા કરી હતી. તેનો મોટી સંખ્યામાં બપોરથી મોડી રાત સુધી ભક્તજનોએ લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી. નરોડા-અમદાવાદના શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડી દર્શનનો અનેરો લ્હાવો લીધો હતો. એક હજાર વર્ષ જૂના શ્રી ડભોડીયા હનુમાનજી મંદિરમાં શ્રી હનુમાનજી દાદાની સ્વયંભૂ મૂર્તિ હોવાથી ભક્તજનોની મનોકામના પૂર્ણ થતાં અનેરો મહિમા દિન પ્રતિદિન વધતો જાય છે.

હવે ઘ-૪નું સર્કલ ભીડથી છલકાય છે

ગાંધીનગર, તા. ૬

સમગ્ર રાજ્યમાં અઠવાડિયાથી ગરમીએ પગપેસારો કર્યો છે. ત્યારે ગાંધીનગરમાં પણ કાળઝાળ ગરમીનું પ્રમાણ દિન-પ્રતિદિન વધતું જાય છે. ગાંધીનગરવાસીઓ દિવસે તો એસી અને પંખાની હવા વચ્ચે પસાર કરે છે. પણ સાંજે પડતાં જ ગાંધીનગરના મધ્યમાં આવેલ ઘ-૪ના બગીચામાં આહલાદક વાતાવરણમાંઠંડક મેળવવા માનવ મહેરામણ ઉભરાય છે.

સાંજે નોકરી ધંધાથી કંટાળીને આવેલા નગરજનો રાત્રે પરિવાર સાથે આ બગીચામાં બેસવા માટે આવે છે. શાંત વાતાવરણમાં બાળકો શાંતિથી બગીચામાં રમતા હોય છે. અને ગરમીથી ત્રસ્ત નગરજનો આહલાદક વાતાવરણમાં ઠંડક અનુભવે છે. આ બગીચામાં ઘ-૪ના આસપાસના સેકટરના તો રોજ આવે છે પણ દૂરના સેકટરના પણ નગરજનો આવે છે અને પરિવાર સાથે બેસીને નાસ્તો કરતાં પણ નજરે પડે છે. રાત્રીના સમયે ખાણી-પીણી બજાર પણ સારૂં એવું જામે છે.

ઘ-૪ સર્કલ પર આવેલા ફુવારાનું ખાસ મહત્વ એ છે કે તે શિવલિંગના આકારનો ફુવારો છે. જે જોઈને બાળકો રાજી થઈ જાય છે. ગરમીના દિવસોમાં મોડી રાત સુધી આ વિસ્તાર દિવસની જેમ ધમધમતો રહે છે.

વાવોલનો સમાવેશ ટી પી સ્કીમમાં કરવાની અસરગ્રસ્તોની માગણી

વાવોલ, તા. ૬

ગાંધીનગરના પાદરે વાવોલ ગામ આવેલ છે. જે ગ્રામજનોની ગાંધીનગરના વિકાસ માટે જમીન સંપાદન થયેલ છે. પરંતુ આ અસરગ્રસ્તો ગામોને કોઇ વિશેષ લાભ મળેલ નથી. અને કોઇ લાભ આપવામાં આવતો નથી. વાવોલ ગામે આવવા-જવા માટે ઘણા સમયથી રોડ બનતા નથી, વાવોલની આજુબાજુની સોસાયટીઓ થઇ ગયેલ છે. પરંતુ આવવા-જવાની પારાવાર મુશ્કેલીઓ પડે છે. વાવોલથી કોલવડા, પુન્દ્રાસણ, ઉવારસદ સુધી જે વી.ટી. સ્કીમમાં સમાવેશ થાય તેમ અસરગ્રસ્તોએ માગણી કરેલ છે.

જો ટી.પી. સ્કીમ અમલમાં બને તો વાવોલની આજુબાજુની સોસાયટીઓ પુર ઝડપે વિકાસ થાય તેમ ઇચ્છે છે. જંત્રીના કારણે ગાંધીનગરનો વિકાસ ઓછો થયેલ છે. તો જંત્રીમાં ઘટાડો કરવાની પ્રબળ માંગણી બનેલ છે.

આજે સુંદરકાંડના સંગીતમય પાઠનું આયોજન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના સેક્ટર-૭ના શોપીંગ સેન્ટર, ઈન્ડવાયરી કચેરી પાસે દિલીપભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સુંદરકાંડના સંગીતમય પાઠનું સાંજે ૬.૩૦ કલાકે આયોજન કરવામાં આવ્યું છે. રામ ચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડ સંગીતમય પાઠમાં બાલ કીર્તનકાર હિરલ ગોસ્વામી અને દિલીપભારતી ગોસ્વામી ભાવ ભક્તિમય સ્વરમાં સુંદરકાંડના પાઠ કરશે. જેમાં ભક્તોને પધારવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આવતીકાલે ઓશો ધ્યાન શિબિર

ગાંધીનગર, તા. ૬

ઓશો ધ્યાન શિબિર આધારીત 'ધ્યાન સૂત્ર' પર પ્રવચન અને કીર્તન તા. ૮મી એપ્રિલ રવિવારના રોજ સવારે બલરામ ભવન સેકટર-૧૨ માં યોજેલ છે.

સેકટર-૨૯નો ભવ્ય ભૂતકાળ અને ચાલુ વર્તમાનકાળ

પ્રથમ નજરે મારું સેક્ટર

- ગુણવંતભાઈ પટેલ

દરેક સેકટરની એક આગવી ઓળખ હોય છે. જેમાંના કેટલાકનું આગવું ગૌરવ હોય છે. ગૌરવની ગરિમા હોય છે. ગાંધીનગરના એવા ગૌરવવંતા સેકટરોમાં સેકટર-૨૯નું નામ મુઠ્ઠી ઉંચેરુ ગણી શકાય. જેનો ભુતકાળ ભવ્ય હતો, તો વર્તમાનની પણ એક આગવી તાસીર છે. વિવિધ પ્રવૃત્તિઓનું કેન્દ્ર સ્થાન અથવા તો સેવકોની કર્મભૂમિ એટલે સેકટર-૨૯.

સેકટર-૨૯ની નવરાત્રિના તાલે ઝુમવા આખું ગાંધીનગર એક સમયે હિલોળે ચઢતું. રાત્રિના ૧૦ વાગેથી શરૂ થતી ડંકાની ચોટ અને ઢોલના રણકાર પરોઢીયે પણ થમવાનું નામ ન હોતા લેતાં. ગાંધીનગરમાં રથયાત્રાનો પ્રારંભ થયો ત્યારે ભગવાન જગન્નાથના મોસાળ પક્ષની જવાબદારી સૌ પ્રથમ સેકટર- ૨૯એ નિભાવી જે આજ પર્યંત ચાલુ છે. લોકફાળાથી શરૂ થયેલ ભક્તોના જમણવારનો સિલસિલો હવે જલારામ બાપા નીભાવે છે. બાલકન- જી - બારીની પ્રવૃત્તિમાં પણ સેકટર-૨૯નો ડંકો હતો. શિયાળાની કડકડતી ઠંડીમાં સવારે ચાર વાગે બાળકોને ઉઠાડી કસરત કરાવવાનું કામ ગાંધીનગરમાં આજ દિન સુધી કોઈ કરી શક્યું નથી. તે કામ સેકટર-૨૯ બાલકન -જી- બારી કરતું. વસાહત મંડળની પ્રવૃત્તિમાં પણ આ સેકટરની આગવી પરંપરા હતી. ગાંધીનગરમાં યુવા પ્રવૃત્તિના પ્રણેતા ઘનશ્યામ પટેલ, સંજીવ મહેતા, વિગેરેએ પણ આ સેકટરને યુવા પ્રવૃત્તિથી જીવંત રાખ્યું હતું. સતત ત્રણ વર્ષ દુકાળના વર્ષોમાં આખું વર્ષ ગાયોના ઘાસ કેન્દ્રનું આયોજન કરી ૧ લાખ ઉપરાંત ગાયોને વિના મૂલ્યે ઘાસનું વિતરણ કરવામાં આવેલ. જેનું સંચાલન પોપટલાલ પ્રજાપતિએ આખા વર્ષ દરમ્યાન કર્યું હતું. મહત્વની બાબત એ છે કે ગાંધીનગરમાં થયેલ પ્રત્યેક આંદોલનનો એક છેડો સેકટર-૨૯માં રહેતો. જન્માષ્ટમીના તહેવારની પણ ગૌરવપૂર્વક ઉજવણી કરવામાં આવતી.

આ બધી પ્રવૃત્તિઓના જનક સર્વશ્રી જશવંત ગાંધી, ડી. એમ. દવે આ સેકટરને જીવંત રાખવા કાર્યશીલ છે. ઉપરાંત વસાહત મહા મંડળને સંલગ્ન રહી સેવાકીય પ્રવૃત્તિઓમાં હંમેશા યોગદાન આપતા રહે છે. એક સમયનો હરીયાળો બગીચો હવે વેરાન બન્યો છે. રંગમંચની પ્રવૃત્તિઓ નહિવત બની છે. આ સેકટરમાંથી નવા સેકટરોમાં રહેવા ગયેલા વસાહતીઓ હજુ પણ જ્યારે મળે ત્યારે જૂના સંસ્મરણો તાજા કરી ભાવવિભોર બને છે. આમ, સેકટર-૨૯ ગાંધીનગરનું જૂનું સેકટર પણ પ્રથમ હરોળમાં સ્થાન પામી શકે તેવું મજાનું છે.

અમારી દીકરીએ જ અમને ગૌરવ અપાવ્યું છે

અમારી દીકરીએ જ અમને ગૌરવ અપાવ્યું છે. આજેય અનેક લોકો અમને અમારી દીકરીના નામે ઓળખે છે, અમને પૂછે છે : 'તમે જ અર્પિતાના પપ્પા-મમ્મી ને ? અમે ગર્વથી હા પાડીએ છીએ.'

આ શબ્દો છે સેક્ટર-૪માં રહેતાં કોકિલાબેન અને દેવેન્દ્રભાઈ પુરોહિતના, જેમના ઘરમાં બે યુવાન, સંસ્કારી દીકરીઓ છે અને તેમના માટે દંપતિ ખૂબ ગર્વ અનુભવે છે.

કોકિલાબેનનાં માતા ગૃહિણી, પિતા શિક્ષક અને તેમનું વતન અમરેલી જિલ્લાનું કમી કેરાળા ગામ. દેવેન્દ્રભાઈના પિતા ભાગવત કથાકાર, સંગીત સાથે ભાગવતની કથા કહેવી એ તેમનો રસ પણ ખરો અને વ્યવસાય પણ. તેમનું ગામ જૂનાગઢ જિલ્લામાં તાલાળા પાસે સ્થિત આંકોલવાડી.

કોકિલાબેને શિક્ષક પિતા પાસેથી શિસ્ત, વિનમ્રતાનો વારસો મેળવ્યો હતો તો દેવેન્દ્રભાઈએ ભાવિક પિતા પાસેથી સંગીત અને આધ્યાત્મિકતાનો વારસો મેળવ્યો હતો.

આવા બે સુંદર જીવોનું મિલન થયું ૧૯૮૬માં. દેવેન્દ્રભાઈને ૧૯૭૯માં સચિવાલય ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં નૉકરી મળી ગઈ હતી અને તેથી ૧૯૮૩થી તેઓ ગાંધીનગર નિવાસી બની ગયા હતા. એટલે કોકિલાબેન પણ તેમને પરણીને ગાંધીનગર નિવાસી થયાં.

એમને ઘેર પહેલીવાર પારણું બંધાયું ૧૯૯૧માં. દીકરી અર્પિતાનો જન્મ થયો. સંગીત, નૃત્ય અને નેતૃત્વના કુદરતી ગુણો આ દીકરીમાં હતાં. મોટી થઈને આ દીકરી સંગીતની શૉખીન થશે એ વાતની પ્રતીતિ માતા-પિતાને દીકરી માત્ર ચાર દિવસની હતી ત્યારથી જ થઈ ગઈ હતી.

સંબંધ સજાવે જિંદગી

દીકરી વ્હાલનો દરિયો

- કુંતલ નિમાવત
gsrelation@yahoo.com

આ વાત કરતાં કોકિલાબેન કહે છે, 'અમારા ઘરમાં બહુ જૂનું ગ્રામોફોન. અમારી દીકરી અર્પિતા રડે અને અમે ગ્રામોફોન વગાડીએ તો એ ચૂપ

થઈ જતી અને જેવું ગ્રામોફોન બંધ કરીએ તો એ રડવા માંડતી. એટલી નાની ઉંમરે પણ સંગીત રસથી સાંભળતી એ. એટલે અમને તો એ ખાતરી થઈ જ ગઈ હતી કે આ દીકરી સંગીતમાં રસ લેવાની.'

અને થયું પણ એવું. વધતી વયની સાથે અર્પિતાએ સંગીતના કાર્યક્રમોમાં ભાગ લેવાનું પણ શરૂ કર્યું અને હાલ સપ્તક, સિટી પલ્સ ખાતે સંગીતની પદ્ધતિસરની તાલીમ પણ એ લઈ રહી છે. શાળા અને કૉલેજ કક્ષાએ તથા સમાજ કક્ષાએ સ્વતંત્ર રીતે પણ અનેક સ્પર્ધાઓમાં તેણે ભાગ લીધો અને અઢળક ઈનામો પોતાને નામે કર્યા. આ બાબતનું વર્ણન કરતાં દેવેન્દ્રભાઈ જણાવે છે, 'અર્પિતાનો રેકર્ડ છે કે એણે અત્યાર સુધીમાં સંગીતની જેટલી પણ સ્પર્ધાઓમાં ભાગ લીધો છે એમાંથી ૯૦ ટકા સ્પર્ધાઓમાં એ પ્રથમ ક્રમે વિજેતા બની છે. અને એ સિવાયનાં ઈનામો તો જૂદાં. માત્ર ૮ વર્ષની વયે તેણે પ્રથમ વખત ઈનામ મેળવ્યું હતું.'

અર્પિતા ન માત્ર સુંદર ગાયન કરે છે, પરંતુ તે સારી રીતે હાર્મોનિયમ પણ વગાડી શકે છે. હાલ તે ગાંધીનગરની સરકારી કૉમર્સ કૉલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરી રહી છે.

કોકિલાબેન-દેવેન્દ્રભાઈને ઘેર બીજીવાર પારણું બંધાયું ૧૯૯૪માં. દીકરી કિન્નરીનો જન્મ થયો. એ પણ મોટી બેનની જેમ સંગીત અને નૃત્યની શૉખીન. આ વ્હાલી બેનનાં વખાણ કરતાં અર્પિતા જણાવે છે, 'કોઈ સ્પર્ધામાં ઈનામ જીતીને ઘરમાં લાવવાની શરૂઆત કિન્નરીએ કરી હતી. એ પછી મેં એ ક્રમ આગળ વધાર્યો.'

માતા-પિતા પ્રત્યે અનહદ આદરભાવ ધરાવતી બંને બહેનો એકબીજા પ્રત્યે પણ ભરપૂર લાગણી ધરાવે છે એ બાબતનો પુરાવો આપતાં કિન્નરી જણાવે છે, 'બે વર્ષ પહેલાં મને એક ચુની (નથ) બહુ ગમતી હતી. અલબત્ત, મેં એ વિશે કોઈને કશું કહ્યું ન હતું. પણ મારી દીદીને કોણ જાણે કેમ એ વાતની ખબર પડી ગઈ હતી. એના એક કાર્યક્રમનું પેમેન્ટ આવ્યું ને એણે મારા માટે એ જ ચુની ખરીદીને મને ભેટમાં આપી ! મારી દીદી મારાથી કેટલી નજીક છે ને મારો કેટલો બધો ખ્યાલ રાખે છે એ વાતની અનુભૂતિ મને ત્યારે થઈ ગઈ !'

અર્પિતા ૮ વર્ષની વયે સંગીતની સ્પર્ધામાં ઈનામ જીતી ત્યારે તેનાં માતા કોકિલાબેન ત્યાં હાજર હતા. દીકરીની જીતથી તેઓ ભાવવિભોર બની ગયાં હતાં અને તેમની આંખોમાંથી આંસૂ સરી પડ્યાં હતાં.

એ જ રીતે ચાલુ વર્ષે અમદાવાદ ખાતે આયોજિત ગુજરાત યુનિવર્સિટીના યુથ ફેસ્ટીવલમાં સુગમ સંગીતની સ્પર્ધામાં ભાગ લઈ અર્પિતાએ ત્રીજા ક્રમનું ઈનામ મેળવ્યું ત્યારે પિતાને ખૂબ ગૌરવ થયું હતું. 'એની આ સિદ્ધિથી મેં ધન્યતા અનુભવી હતી અને મને એ વાતની સાબિતી મળી ગઈ હતી કે સંગીતના ક્ષેત્રમાં મારી દીકરીએ જે હાઈટ મેળવવી જોઈએ એ તેણે મેળવી લીધી છે.'

'ભવિષ્યમાં પોતે પ્રસિદ્ધ ગાયક ન બની શકે તો કાંઈ નહીં, પણ સારી ગાયક ચૉક્કસ બનવા માંગે છે' એવી મહત્ત્વાકાંક્ષા વ્યક્ત કરતાં અર્પિતાએ એ બાબતનો પણ એકરાર કર્યો કે 'હું જ્યારે પણ કોઈ સારું કામ કરું છું કે સિદ્ધિ પ્રાપ્ત કરું છું ત્યારે મારા મમ્મી-પપ્પાના ચહેરા પર એક અવર્ણનીય આનંદ છવાઈ જાય છે. આ આનંદથી ભરેલા એમના ચહેરા જોઉં છું ને મારા મનમાં અજબ ટાઢક સર્જાય છે ! મને એમ થાય છે કે હું આવાં કામો કર્યાં જ કરું ને મારા મમ્મી-પપ્પાના ચહેરા આમ જ આનંદથી ભરેલા રહે !' આટલું કહેતાં અર્પિતા લાગણીશીલ થઈ ફ્રૂસકે ફ્રૂસકે રડી પડે છે. એને રડતી જોઈ માતા-પિતા પણ ગળગળા થઈ જાય છે. દીકરીના માથે હાથ પસવારતાં કહે છે, 'જુઓ, આ છે અમારી દીકરી !'

'હું જ્યારે પણ કોઈ સારું કામ કરું છું કે સિદ્ધિ પ્રાપ્ત કરું છું ત્યારે મારા મમ્મી-પપ્પાના ચહેરા પર એક અવર્ણનીય આનંદ છવાઈ જાય છે !'